

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા) પુરસ્કૃત



# કોમ્પ્યુટર શિક્ષણ યોજના



આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં નીચે મુજબના કોર્સ શીખવાડવામાં આવશે.

| Name of the courses | Duration | Fees |
|---|---|---|
| Basic course | 2 Months | 1200 |
| Tally | 2 months | 1500 |
| DTP (Graphics course) | 3 months | 2750 |
| Kids Course (5 to 9 yrs) | 32 hours | 1000 |
| kids course above 9 yrs | 40 hours | 1500 |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું ઝરૂરી રહેશે ફોર્મ ની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પુર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ચેકથી પાછા આપવામાં આવશે.

**ADDRESS OF TRAINING CENTER SOFTWARE ACADEMY**
15/A Parekhwadi V.P.Road, Mumbai - 400004 - Tel :- 23814915

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) પાસેથી મળશે

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપૂર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે પહોચતા કરવાના રહેશે.

**SAMIR JAYENDRA GANDHI** : Tel :- 22060294/ 22038077 / 9821234306.

**NIKESHI TRADING CO**, : Room No 12/5 1st Floor, Carmellos Building,
63/67 Pathak Wadi, Lohar Chawl, Mmubai-2

*સંપાદક - સમીર જયેન્દ્ર ગાધી , મંત્રી - શીરીષ પરીખ*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૦ | ૨ | ૧૪-૦૫-૨૦૦૮ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી
અમીત વ. પારેખ

**પત્રવ્યવહારનું સરનામું**
**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ૨૪૪૪ ૯૯૨૯

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડ - ૮૮-ઈ ખાડીલકર રોડ,
૪, નારાયણવાડી બિલ્ડીંગ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ટે.(ઓ.) : ૨૩૮૬ ૦૦૨૯ / ૨૩૮૨ ૫૦૨૫
(ઘર) : ૬૫૦૬ ૯૮૦૬ (મોબાઈલ) : ૯૮૬૯૧૬૩૩૦૫

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬
**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# મે મફત લીધું નથી

**તંત્રી સ્થાનેથી**

દુનિયાના કોઈપણ સ્ત્રી, પુરૂષ કે બાળક ને છાપું વાંચતાં વાંચતાં અચાનક ઉભા થઈને ચપ્પલ પહેરીને ઘરની બહાર જતાં જુઓ તો નક્કી માનજો કે એણે છાપામાં હમણાંજ એક શબ્દ વાંચ્યો હશે. શું હશે એ શબ્દ કે જે મરતાં માણસના શરીરમાં પણ જાન પુરી દે ? એ શબ્દ છે ‘મફત’, ‘ફ્રી’, સાબુ સાથે બાલદી મફત, બાલદી સાથે ટમ્બલર મફત, ટી.વી. સાથે એફ. એમ. રેડીયો મફત, ચીપ્સ સાથે ટેટૂ ફ્રી, બે સાબુએ ત્રીજો સાબુ મફત, ગાડી સાથે ઘડિયાળ મફત, બે લીટર પેપ્સી સાથે રફલ મફત વગેરે વગેરે. મફતનો બીજો અર્થ થાય વિનામૂલ્યે, પણ ના, મફતમાં જે મઝા છે એ બીજા શબ્દોમાં નથી. આ મફત શબ્દ પણ ગુજરાતીમાંજ ઉદ્ભવ્યો હશે. પછી એમાંથી મુફત કે ફુકટ શબ્દો આવ્યા હશે. ગુજરાતીમાં એટલા માટે કે આપણે ત્યાંજ મફતલાલ, મફતકાકા જેવા નામો છે અને આ નામો પણ માણસની મફતીયા વૃત્તિથીજ પડયા હશે ? કદાચ, ગુજરાતમાં તો છોકરાઓ સાથે છુટાછેડા લીધેલી સ્ત્રીઓ માટે પણ લોકો કહેતા ફરે બોલો લગ્નમાં છે ઈન્ટરેસ્ટ બાયડી સાથે છોકરાઓ મફત. મારા એક મિત્રના પાંચ વર્ષના બાળકને લઈને એ મિત્ર ATM માં પૈસા કઢાવવા ગયો. થોડા દીવસ પછી પેપી માટે પુત્રને પૈસા આપવાની ના પાડી તો દીકરો કહે પણ પપ્પા વાંધોજ શું છે ? તમને તો મશીનમાંથી પૈસા મફત મળે છે. લઈને આપી દોને. ઘણાને ત્યાં બાળકો જન્મના થોડાજ વખતમાં મરી જતાં હોય તો એવી માન્યતા થઈ જાય કે ગત જન્મનું થોડુ ઘણું લેણું લઈને જતું રહેતું હશે. એટલે હવે જો બાળક થશે તો એને બધું માગીને

(મફત) મળતું જ ખવડાવીશ કે પહેરાવીશ. આની પાછળ પણ કદાચ બાળકનું નામ મફતલાલ પડી ગયું હોય. ખેર જે હોય તે શબ્દનું આકર્ષણ ગજબનું છે. નાનો હતો ત્યારે વાર્તા વાંચી હતી. એક માણસની પાસે એક હાથી હતો એને ખુબ વ્હાલો. એ માણસે ભગવાન પાસે કશીક માંગણી કરી અને બાધા રાખી કે જો ભગવાન મારી માંગણી પુરી કરશે તો આ હાથી વેચીને જે પૈસા આવશે એ ભગવાનને અર્પણ કરીશ. ભગવાનની કૃપા થઈ કે પછી ભગવાનને એ માણસની વૃત્તિ પારખવી હશે એની ઈચ્છા પુર્ણ થઈ ગઈ. હવે ? હવે આપવાનો વારો માણસનો આવ્યો હાથી વેચું તો તો કેટલાં બધા પૈસા આવે. બધા ભગવાનને કંઈ આપી દેવાય ? શું કરવું વિચાર કરતાં કરતાં એણે અચાનક મફત શબ્દ ક્યાંક વાંચ્યો. દિમાગની બત્તી થઈ ગઈ. એની પાસે એક બિલાડી પણ હતી. એણે બિલાડીને હાથી બન્ને વેચવા મુક્યા દસ હજારની બિલાડી સાથે હાથી બિલકુલ મુફત, મુફત. ભગનવાન પણ આવા મફતિયા ભક્ત ઉપર વારી ગયા હશે નહી ?

ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે મફતનું લઈશ નહી. આ મફત એટલે અણહક્કનું, મહેનત વગરનું, મહેનત કર્યા વગર કંઈ પણ મળે એની ઉપર આપણો હક્ક નથી. વેપારીઓ પોતાની વસ્તુઓ વેચવા માટે મફતના આકર્ષણો આપે એમાં કંઈ ખોટુ નથી અને વેપારની દુનિયામાં કોઈ કશું મફત નથી. આપનું એ મફતની કિંમત તમે વધુ કે ઓછા અંશે ચુકવતાજ હો છો. આ ફકત પોતાની વસ્તુ ખરાબ કે સારી વેચવા માટે લોકોની મફતીયા મનોવૃત્તિનો લાભ લેવાનો રસ્તો છે. બાકી ૬૦૦ રૂપિયા કિલો પોટેટો ચીપ્સ સાથે ટાટુ આપે એમાં નુકસાન કોને ? બે લીટર પાણીનાં (પેપ્સી) રૂા. ૪૦ લઈને કશુંક મફત આવે એમાં વેપારીને કશું નુકશાન થતું નથી.

આપણા સમાજમાં પણ લોકોની મફતિયા મનોવૃત્તિ પોષવામાં આવે છે. મેડીકલનો કેમ્પ મફત કરવો અથવા બહુ જ ઓછી કિંમતે કરવો અને એમાં પાછા લોકોને આકર્ષણ માટે ગીફ્ટ મફત. વિવિધ સંસ્થાોની વાર્ષિક સામાન્ય સભામાં વધુને વધુ લોકોને આકર્ષવાનો એક માત્ર ઉપાય, ખાનગી વાત લીક દેવાની કાલે મિટીંગમાં આવનારને બે નેપકીન મળવાના છે. ખલાસ, તેજપાલ ઓડીટોરીયલ હાઉસફુલ. સ્ટેજ ઉપરની કાર્યવાહી તો ઠીક એના કરતાં ક્યારે બહાર નીકળીને નેપકીન લઈને ઘરભેગા થઉં. જરૂરિયાતમંદોને નામે આપણે મફતિયા લોકોની આખી જમાત ઉભી કરી છે. નોટબુકો મફત, સ્પોર્ટસ મફત, દવા મફત, અનાજ પાણી મફત, ઘેરબેઠા માસિક ઘરખર્ચ મફત છેલ્લા ૨૫ વર્ષમાં કેટલાં કુટુંબો આ મફત યોજનાથી ઉપર આવ્યા ? પુરક સહાય કે નજીવા દરે અપાયેલી વસ્તુ બરાબર છે એ મદદ છે. ટેકો છે. વિધવા કે વૃધ્ધોને આપવું એક બાબત છે અને આખા કુટુંબને બધું મફત આપવું બીજી બાબત છે.

આપણે દાતાઓના અહમને પોષવા માટે એમની વાહવાહ કહેવડાવવા માટે નવી નવી યોજનાઓ મુકતા જઈએ છીએ. પણ એવી કોઈ યોજના શરૂ કરી કે જેમાં જરૂરિયાત કુટુંબના સ્ત્રી કે પુરુષો


**ચક્ષુદાન મહાદાન**

**મૃત્યુબાદ, ચક્ષુદાન બે વ્યક્તિને દષ્ટિ આપી શકે છે.**

**આંખરૂપી રત્નોને અગ્નિદાહમાં ન હોમતાં, સંપર્ક કરો - ટે.નં. - ૧૯૧૯**

**ખાસ નોંધ : જે વ્યકિતનું મૃત્યબાદ ચક્ષુદાન થયેલ હશે તેઓનું નામ ફોટા સહિત પ્રકિર્ણ વિભાગમાં વિનામૂલ્યે છાપવામાં આવશે.**

*કામ કરીને પૈસા કમાઈ શકે ? આવા કુટુંબની સ્ત્રીઓ ભલે રોજના ત્રણ ચાર કલાક કામ કરીને સામાન્ય દર કરતાં વધુ વેતન પામે, ભલે ઘરના પુરુષોને રજા દિવસે થોડું કામ કરાવીને વધુ મદદ મળે. પણ બધુ મફત શા માટે ? રોજગારની તકો ઉભી ના કરીને ફક્ત આપી દઈએ છીએ એ આપણી ગેરજવાબદારી અને છટકવાની વૃત્તિ જાહેર કરે છે. આપણે કદાચ મોટી રોજગાર યોજના ચાલુ ન કરી શકીએ તો બે ચાર આવી ચાલુ યોજનામાં સંપર્ક કરીને ત્યાં સ્ત્રી કે પુરુષોને કામ કરવાની સગવડ કરી શકાય ત્યાં રોજના ૫૦ રૂપિયા અપાતા હોય તો ભલે આપણે બીજા ૫૦ ઉમેરીએ મહેનતનું ફળ ભલે ડબલ કે એથી પણ વધુ આપીએ. એ લેવાથી એ કુટુંબનું માથુ ઝુકશે નહી. એ લોકો કહી શકશે કે મહેનતનું ખાઈએ છીએ મફતનું નહી. મદદો દ્વારા સમાજને ઉપર લાવવાનો છે એને પાંગળો, દીન કે આળસુ બનાવવાનો નથી. કોઈપણ વસ્તુ હોય ટોકન રૂપે પણ એની કિંમત લેવી જ જોઈએ પછી એ દુધ યોજના હોય કે નોટબુક યોજના. દસ રૂપિયાની વસ્તુ ભલે રૂપિયા, બે રૂપિયામાં આપો પણ એનાથી વસ્તુની કિંમત પણ થાય અને લેનારનો અહમ પણ સચવાય આત્મસન્માન પણ સચવાય કે 'મેં મફત લીધું નથી'.*

***- નિખિલ પરીખ***

# પ્રકૃતિની દેણ અને લહાણ

***- ઉષા એસ. ધારીયા***

પૃથ્વી પર આપણે જીવીત છીએ એની સર્વોત્તમ દેણ પ્રકૃતિની છે. પંચ તત્વએ આપણો પ્રાણ છે. નદી માતા શુદ્ધ જલ આપે, સાથે કાંપ ઘસડી લાવે. એનાથી ધરતી ફળદ્રુપ બને છે અને પાક સારો થાય છે. નદીના ભાઠાના પાકમાં મીઠાશ પણ એટલી જ ભરી હોય છે. જ્યારે શહેરોમાં ગટરના પાણીથી પાક થાય; નદીમાંથી નહેરો કાઢે અને બંધ બાંધી બારે માસ પીવા તથા રોજના વપરાશ માટે પાણી મળતું રહે છે. એવી જ રીતે ''વૃક્ષ બગીચા તેરી લીલા'', વૃક્ષો ફળ, છાયો, ફૂલ, સુગંધ, લાકડા - બાળવા માટે, રહેવા માટે, ઘર માટે, સમુદ્ર મહાસાગર પાર કરવા નાવ, મોટા શીપ આવે, ધરતી મા તો જેમ આપણે માની કોખમાં નવ મહિના રહીએ અને મા આપણો ભાર વેંઢારે તેમ આપણો પણ ભાર ધરતી મા વેંઢારે છે. હળ ચલાવવાથી માંડી ઘરો, પુલો, રસ્તાઓ, બંધો આપણે બાંધતાં જ રહીએ છીએ, અને એ ઉપરાંત બૉંબ બ્લાસ્ટ કરી ધરતીમાંના ચીંથરા ઉડાવે છે. તોય ધરતી મા તો આપણને મઘમઘતો પાક ઉગાડી આપણને પોષતી જ રહે છે. પ્રકૃતિ તો સદા સર્વદા આપતી જ રહે છે. અવિરત આપતી જ રહે છે. પવન પણ શ્વાસ ભરવાથી માંડી દિશા સૂચક બને છે. પ્રકૃતિ તો પોતાનો ખજાનો ઠાલવતી જ રહી છે. આપવાની જ ભાવના, સુંદરતાથી મન રીઝાવે. આકાશ, ચાંદો, સૂરજ, તારા, બીજલી, બાદલ, વર્ષા, પવન, પ્રાણીઓ, પંખીઓ, ધરતી, સાંજ, સવાર, રાત, લહાણી હી લહાણ કરતાં જ રહે છે. કંઈને કંઈ આપતાં જ રહે છે. કદી લેવાની ભાવના નહી. ઉભરતી, છલકતી મહેકતી પ્રકૃતિ બસ કંઈને કંઈ

આપતી જ રહે છે. આ પ્રકૃતિની રસ લહાણ લૂંટતા શબ્દના શબ્દકોષ પણ ઓછાં આછાં પડે છે અને આજ પ્રભુજીની સર્વોત્તમ કૃતિ એટલે જ માનવ, પરંતુ માનવ માનવ નથી રહેતો, મોહપાશી માયા જાળથી લપટાયેલો અને નગુણો બનતો જ રહે છે. પ્રભુ કૃપાળુ અને માનવી કૃપણ. ખોબલે ખોબલે લેવાની આશ. કદી વિચારતો નથી કે હું કોણ છું? મારે શું કાર્ય કરવું જોઈએ. નરી આંખે જુએ છે છતાં કૃપણ જ બનતો રહે છે. પ્રકૃતિ, પશુ, પંખી, જીવ જંતુ સર્વેને આપતાં જુએ છે. વિના લોભ એ રસ લહાણ લુંટાવે છે, પરંતુ તેની પાસેથી ક્યારેય કંઈ શીખતો નથી; કે મૃત્યુ એ જીવનની અંતિમાએ ઠાલે હાથે જાય છે. આંખ મિચાતાં બધુ જ અહીંયા રહી જાય છે, અને છતાં ય જીવ ફોરો નથી થતો. મારું, તારુ, હું પણ અને અવગુણોને ધરીને બેસે છે.

પ્રભુજીની સર્વોત્તમ કૃતિ નામ 'માનવ'. પ્રભુજીનું બધુ જ સારું હોય તો માનવી કેમ સ્વભાવનો કૃપણ. હમણાં જ થોડા સમય પહેલાં ટી.વી.ના ન્યુઝમા બતાવતા હતાં કે એક માણસે મોબાઈલ ટેલીફોનની ચોરી કરી તો તેને પોલીસની કસ્ટડીમાંથી બહાર ખેંચી કાઢી પંદર વીસ માણસો પગની લાતોને લાતો મારતા હતા. પથ્થરથી પણ મારતા હતા અને છેવટે એ યુવાન ચોરને મોતને ઘાટ ઉતાર્યો. પોલીસ ચોકીની સામે પોલીસોના દેખતાં અમાનુષી માર મારી તેને જીવતો મારી નાંખ્યો. બળાત્કારના કિસ્સા તો માસુમ બાળકીઓને પણ ગુજારી તેને પણ મારી નાંખે છે. કોઈ પરણેતરને જીવતી બાળે. તો કોઈ ભાઈઓ ભાઈઓ પર સિતમ ગુજારે. આ બધુ કદાચિત નીચલા વર્ગના લોકોમાં બનતું હશે; પરંતુ આપણને તો વૈષ્ણવનું સર્વોપરી બીરુદ મળેલું છે. આપણે જેટલું લઈએ છીએ પ્રકૃતિને પાસેથી તેટલું આપવામાં સમજતા નથી. ફક્ત મંદિર બાંધવાનું હોય તો ફંડ જલ્દીથી આવે, પંરતુ બાલાસિનોર ગામનો 'વોચમેન' ગુરખાને પથરીનું ઓપરેશન કરાવવાનું હોય તો પૈસા વિના મુંઝાય? આખી રાત શેરીએ ફરીને ચોકી કરનાર માણસ જ છે. એક ગામના કંઠીધારી ૭૪ વર્ષના બેન સિલાઈ કરી ગુજરાન ચલાવે છે અને દિકરો રિક્ષા ચલાવે છે, તેને દીકરો દીકરી એમ છ જણાનું ગુજરાન માંડ ચાલે, એમનું ઘર પડુ પડુ છે, કહે કે ક્યારેક વરસાદની ઋતુમાં અમે દટાઈને મરશું? કોણ આપે એમને ઘર રીપીરીંગ માટેના પૈસા? કેદાર પર એંસી રૂમો બાંધવાના ફંડ ભેગાં થાય પરંતુ ગરીબની વહારે કોણ આવશે? એઓ પણ પ્રભુજીની સર્વોત્તમ કૃતિ માનવ જ છે. શું બાલાસિનોરના જે જે શ્રી ગોકુલેશ બોલનાર, વૈષ્ણવ કંઠીધારી, ભાઈઓ બેનો કંઈ કરી શકવાને સમર્થ નથી કે પછી પ્રભુની પ્રકૃતિની રસ લહાણ લૂંટે છે કૃપણ બનીને? આવા બીજા ઘણા કિસ્સાઓ છે, 'ગામ હોય ત્યાં ઢેઢવાડો તો હોય' એ ઉક્તિ કદાચિત પૂરવાર થતી દેખાય છે. બંધ બેસતી પાઘડી કોઈ ન પહેરી લેશો. આ તો નજરો સમક્ષ બની રહેલી બીનાનો ચિતાર છે. આખી દુનિયામાં કિસ્સા તો ન સુલઝાવી શકીએ પરંતુ બાલાસિનોરના વતનીના હાકલ તો જરૂરથી સુલઝાવી શકીએ એમ મારું મન કહી રહ્યું છે.

ઘઉં તો પ્રભુ ઉગાડે પણ રોટલી બનાવવાનું કામ માનવીએ કરવાનું છે. પ્રભુજીને રીઝાવા બે કિર્તન ગાવ કે ચાર રસિયા ગાવ, સાગર, નદીને કદી નથી કહેતો કે તું મારામાં આવીને સમાઈ જા. પરંતુ નદીનું કર્તવ્ય છે તે સાગરને મળીને જ રહે છે. એજ રીતે એ પ્રભુજીને મેળવવા પ્રકૃતિ પાસેથી કંઈક શીખીએ. લેવા કરતાં આપવામાં જ સર્વ સુખ સમાયું છે. પ્રભુજી ત્યારે જ રીઝે.

ઘઉંમાથી રોટલી અને રૂ માંથી કપડાં બને અને અગ્નિ પર પાણી ગરમ થાય, રસોઈ બને, એજ રીતે માનવ કૃપણ મટી કૃપાળુ બને. મધમાખી આપણને મધ આપે. ગાય, ભેંસ, બકરી આપણને દૂધ આપી. એ દૂધની મિઠાઈ, ઘી, દહીં, બટર, ચીઝ વગેરેની મોજ માણીએ છીએ, પરંતુ ગાય, ભેંશ, બકરી દૂધ આપતી બંધ થાય કે તેને વેંચી મારી, યા કસાઈવાડે જાય, આમ માનવી કૃપણ બને છે. આજના મોર્ડન જમાનામાં તો લગ્ન તો ધામધૂમથી લેવાય પણ એજ રીતે છૂટાછેડા ઝટ અપાય છે. આપણી છોકરી એવી જ આપણા ઘરમાં આવનારી વહુ. કોઈની લાડલી બેટી છે, એ કેમ ભૂલાઈ જાય છે. છેતરપીંડી, કન્યા વિક્રય આ બધુ તો 'વા વાયા' તેમ વાયરો વાય છે. આ બધુ પરદેશમાં ઝટ બને છે અને આપણા દેશમાં પણ તાજેતરમાં એક દશ વર્ષના બાળકને જીવતો બાળી નાંખ્યો. દારૂ પીધેલા પાંચેક જાનૈયાઓએ. આ અમાનુષી અત્યાચારને ચિતાર આપણુ કાળજુ કંપાવે છે. પ્રકૃતિ ક્યારેક જ રૂઠે છે. આમ પ્રકૃતિ, જીવ, જંતુ, પશુ, પંખી આપણને કંઈનું કંઈ આપતી જ રહે છે, આપણે પણ જીવન કિતાબમાં ઉદાત હાથે આપવાની ભાવના કેળવીએ.

ત્રણ ચાર વર્ષ પહેલાં બાલાસિનોરનું તળાવ સાવ જ સુકાઈ ગયું હતું, પરંતુ આ તળાવને સુકાતુ જોઈ મન ખિન્ન થયું અને વિચારે ચડયું, કંઈક તો કરવું જ જોઈએ. મુંબઈ આવી પ્રતિષ્ઠિત વ્યક્તિઓને ૫૦ જેટલા ફોન કર્યા? કોઈ કહે આ કામ લાયન્સ કલબવાળાને સોંપો? આપણે શું કરી શકીએ? મને તો બાલાસિનોરમાં ઈંટરેસ્ટ જ નથી. છેવટે એક પ્રતિષ્ઠિત ભાઈએ દિલાસો આપ્યો કે હું બાલાસિનોર ગયેલા એક બે ભાઈને કહું છું અને કંઈક કરું છું અને બાલાસિનોર ઉપસ્થિત ભાઈએ તળાવ દોઢ થી બે ફૂટ ખોદાવ્યું અને પછી એ વર્ષે ખુબ જ સરસ વરસાદ પડયો કે તળાવ છલોછલ ભરાઈ ગયું અને ત્યાર પછી છલકાએલા આ તળાવને જોઈને ગજ ગજ હૈયું ફૂલે છે. ક્યાં સૂકાયેલું કોરું ધાકોર તળાવ અને ક્યાં પાણીથી છલકાતું આજનું તળાવ. આ જણાવવાનું પ્રયોજન એટલું જ આપણે દિલથી જે કામ કરવા ચાહીએ એ કામમાં પ્રભુજીનો સાથ અને સહકાર જરૂરથી સાંપડે જ સાંપડે.

વર્ષોના વર્ષો પ્રકૃતિ પાસેથી લેતાં જ રહ્યા છીએ, એ જોઈ આપણે પ્રભુજીની સર્વોત્તમ કૃતિ 'માનવ' કંઈ જ ન હોય તો મરી ગયા બાદ તમારી આંખો તો જરૂરથી આપી જજો, જેથી બે અંધજન જોતાં થશે. પ્રભુજીને રીઝવવા માટે નદી બનો, નદી જેમ સાગરને મળે છે તેમ તમને પ્રભુજીને મળી શકશો. પ્રભુજી તમારી સામે દોડતા આવશે, જેમ સુદામાને મળવા ખુલ્લા પગે દોડી ગયેલા પ્રભુજીની જેમ, મુષ્ટિક તાંદુલ જેટલું પૂણ્ય હાથમાં લઈને જવાનું છે અને મુષ્ટિક તાંદુલ એટલે કૃપણમાંથી કૃપાળુ બની પ્રભુજીને રીઝવવા. તમારી આપવાની વૃત્તિને કેળવો અને સંપત્તિનું સુયોગ્ય દાન કરતાં જ રહો. લેવા કરતાં દેવામાં, આપવામાં જ શ્રેય હોય છે. પ્રકૃતિને ઓળખોને તેની પાસેથી કંઈક મેળવી કૃપાળુ બનો. મિટિંગો ભરાય ત્યારે તો નામના ખાતર કોઈ પાંચ લાખેય બોલે અને કોઈ બે લાખ બોલે પણ કંઠીધારી વૈષ્ણાવો જે એકદમ લાચારી ભોગવતાં હોય એવાઓની વહારે કોઈ વિરલ જ દોડી આવે એવી અભ્યર્થના વાંચનાર સર્વે ભાઈઓ બેનોને મારા 'જે જે શ્રી ગોકુલેશ'. KKKKK

# ધર્મ નો પાયો - નૈતિકતા

આજકાલનાં શિક્ષણ પ્રધાન સમાજમાં શાળા-મહાશાળામાં નૈતિક જીવન જીવવા માટે જરૂરી શિક્ષણની કોઈ જ જોગવાઈ નથી જે ખૂબ જ ખેદ જનક બાબત છે. બાળક જેમ જેમ વિકાસ પામતું જાય, મોટું થતું જાય તેમ તેમ તેનાં ચિત્ત પર અનેક પ્રકારનાં પ્રભાવો પડતા રહે છે. ચિત્તને બહેલાવતાં કે બહેકાવતાં સમૂહ માધ્યમો એટલી વિપુલ સંખ્યામાં છે કે કોઈ કિશોરને નૈતિક જીવન જીવવાની વાતમાં ભાગ્યેજ રસ પડે છે, કે વિશ્વાસ બેસે છે. કૌટુંબિક વાતાવરણ અને સંસ્કાર વારસો જેવા હોય તેની સમગ્ર અસર કિશોરાવસ્થા ઝીલતું જોવા મળે છે. આ ઝીલાયેલું કંઈ લાંબો સમય ટકતું નથી, કારણકે આસપાસ-ચોપાસ સ્વછંદી તરંગો મોટી માત્રામાં ઉછળતાં હોય છે.

ખરેખર નૈતિકતાની વ્યાખ્યા શું? તેવું આપે ક્યારેય વિચાર્યું છે ખરું? નૈતિકતા એટલે કોઈનું બૂરું ન કરવું, સયંમપૂર્વક જીવવું અને હું જે કંઈ કરું છું એ કર્મ મારાં અંતરાત્માને ડંખે નહિ એવું છે કે નહિ તેનો ખટકો રાખવો તે. નૈતિકતા એટલે આવનારી પેઢીનાં સુખનાં વિચાર માત્ર સાથે મંડાતું પગલું.

જે વિષય વિશે આપણે અજ્ઞાત છીએ એ અંગે આપણું આકર્ષણ પણ શક્ય નથી. જે વ્યક્તિ કેરીનાં સ્વાદથી અજાણ છે તે  કેરી ખાવા માટે ક્યારેય આકર્ષિત થતી નથી. અગર નૈતિક જીવન જીવવું હશે તો નૈતિકતા શું છે એ જાણવું અત્યંત જરૂરી છે. તોજ નૈતિક આચરણ પ્રતિ તમને ડગ માંડવાનો વિચાર આવશે. આચરણ પણ થશે અને આ આચરણ પણ અણિશુદ્ધ હોવું અત્યાવશ્યક છે.

અજ્ઞાન સૌથી વધુ ખરાબ છે. પરંતુ ક્રોધ કરવો તે અજ્ઞાન કરતાં વિશેષ ખરાબ છે. પરંતુ આ વાતનું મૂળ તપાસોતો જણાશે કે તેમાંય ક્રોધ વિશેનું અજ્ઞાન ભર્યું પડયું હશે. અગર ક્રોધનાં પરિણામ વિશે થોડું ઘણું ય જ્ઞાન હશે તો ક્રોધને વાળી લેવા આપ સમયસર જાગ્રત થઈ શકશો. આમ જોવા જઈએ તો ક્રોધએ સર્વનાશનાં પાયાનું મૂળ છે. ક્રોધિત વ્યક્તિને દેહ, દશા કે આ દુનિયાનું લેશમાત્ર ભાન રહેતું નથી. નૈતિકતાનું શિક્ષણ માત્ર આપવાથી સૌ નૈતિક બની જશે. તેમ માનવું ભૂલ ભરેલું છે. પરંતુ આવા શિક્ષણથી કેટલાંક જરૂર નૈતિક જીવન જીવવા પ્રેરાશે અને અનેક પ્રલોભનો કે કષ્ટ પછી પણ એમાં એ ચલિત નહિં થાય. નૈતિક શિક્ષણનો આજ પ્રબળ આધાર છે.

આધુનિક શિક્ષણવિંદો નૈતિકતાનાં શિક્ષણને જરૂરી નથી માનતા. તેમનાં મતાનુસાર નૈતિકતા સામાજિક વ્યવહારથી ફલિત થાય છે. શિક્ષક જેવું આચરણ કરતા હશે તેવું આચરણ કરવા વિદ્યાર્થી પ્રેરાશે. વિદ્યાર્થી હંમેશા અપાતા શિક્ષણ અને શિક્ષકનાં આચાર વચ્ચેનાં વિરોધની નોંધ જરૂર લેશે. તેથી તેનાં મન પર વિરોધી પ્રતિક્રિયા પ્રતિબિંબિત થશે.

શાળામાં અપાતું ભૌતિક શિક્ષણ અને તેનાં વ્યવહાર વચ્ચે કોઈ વિરોધિતા નથી. વિસંગતિ તો છે નૈતિક શિક્ષણ અને વ્યવહાર વચ્ચે, કથની અને કરણીનું દ્વંદ્વ એ માણસની ખુદની એક વિશેષતા છે જે શેષ જીવસૃષ્ટિમાં શકય્ નથી.

નૈતિક શિક્ષણનું સૂત્ર છે, જે મનમાં છે એ જ કહો અને જે કહો એ જ કરો. કથની અને કરણીની સમાનતા અને ઋજુતાથી નૈતિક વ્યવહાર ફલિત થાય છે. પરંતુ આમ સમાજમાં દૃશ્ય કંઈક જુદુંજ જોવા મળે છે. કાનૂનની પણ એક મર્યાદા એ છે કે વાસ્તવિકતાને સ્વીકારતો નથી, આધારો અને સાબિતિઓને જ માત્ર ગ્રાહ્ય રાખે છે. આથી જ સામાન્ય રીતે પ્રવંચનાની જ જીત થાય છે. અને નૈતિકતા પાછી પડતી જોવા મળે છે. નૈતિકતા એ ધર્મનો પાયો છે.

લોભ, અહંકાર, ભય અને ક્રોધ આ ચારેય વસ્તુ માણસ માત્રને પામર બનાવે છે. એની સામે જાગરૂક રહેવું એજ સૌથી મોટી જીવન સાધના છે. નૈતિક જીવન જીવતી વ્યક્તિ, કોઈપણ વસ્તુનાં સ્વીકાર પહેલાં

વિચારશે કે વિશ્વકલ્યાણ માટે આ વસ્તુ પોષક છે કે નહિં. નૈતિકતા, સ્વાધિનતા પૂર્વક કેમ જીવાય તે શીખવે છે. માટે જ નૈતિકતા વિશેનાં શિક્ષણની તાતી જરૂર છે. માણસની તમામ યાતનાઓ, પીડાઓનું મૂળ તેની લાગણીઓમાં-ગુલામીપણામાં છે. લાગણીઓ પાણી અને અગ્નિ જેવી હોય છે. ગુલામ તરીકે અતિ ઉત્તમ પણ માલિક તરીકે બહુ જાલિમ .

જેનો જીવ બળે છે તેને બહાનાં શોધવાની ફુરસદ નથી. એ રસ્તા શોધે છે, અને આ રસ્તા શોધવાની પ્રેરણા કે તલસાટ નૈતિકતા પૂરાં પાડે છે. આથી જ ટૂંકમાં કહીએ તો નૈતિકતા એ ઉચ્ચ જીવનનો પાયો છે. નિતિ અને એકતા એટલે નૈતિકતા. આથી જ આમ માનવીએ નિતિ નિયમોને આધિન સુંદર જીવન જીવવું રહ્યું.

***- રાજેષ કડકીઆ (યુ.એસ.એ.)***

# ધર્મ V/s કર્મ

ધર્મ કોને કહેવો તે સમજવું ખુબ જ જરૂરી છે. ધાર્મિક ક્રિયાઓ કરવાથી ફકત ધર્મ થઈ જતો નથી, ધર્મની ક્રિયાઓતો માધ્યમ છે જેથી તેનો આશય સમજવો જરૂરી છે.

સાચો ધર્મ તો દરેક વ્યક્તિનાં આત્મામાં વસે છે. આત્મામાં તેની શોધ કરી તેને આચરણમાં મૂકશો તો કંઈ પામશો. ધાર્મિક ક્રિયાઓનો મૂળ અર્થ આત્માનું પરિવર્તન છે. ક્રિયાઓ મનની સ્થિરતા, એકાગ્રતા, ભક્તિ ભાવ આત્મામાં લાવવા માટે છે. ક્રિયાઓ જો આડંબરરૂપ માન, મોભો, આબરૂ અને અહમ્ વધારવામાં વપરાય તો પામવા કરતાં ખોવાનું વધારે છે.

ધર્મ દરેક વ્યક્તિનાં જીવન જોડે સંકળાયેલો છે. આચરણ જીવનની દરેક પળે કરવાનું હોય છે. જેમ શ્વાસ જીવંત શરીર જોડે સંકળાયેલો છે. તેમ ધર્મ પણ જીવનની હરેક પળ જોડે સંકળાયેલો રાખવો જોઈએ. માટે ધર્મની ફક્ત ક્રિયા ના બનાવતા તેને માધ્યમ તરીકે આત્માનું પરિર્વતન કરવા માટે સાધન બનાવવાનું તેને માટે કાયમી ધોરણો પ્રયત્નો કરતાં જ રહેવાનું છે. તો જ તમારાં આત્મામાં પરિવર્તન આવશે. જો આપ આપનાં આત્મામાં પરિવર્તન લાવી શકશો તો જ ધર્મની સાચી અગત્યતા સમજાશે, અને તેને પામી શકશો.

જીંદગીની દરેક પળે તેનાં દરેક કાર્યમાં ધર્મને હંમેશા આગળ રાખી વિચારવાનું છે અને કાર્ય કરવાનું છે. જો ધર્મનું આચરણ રોજીંદી જીંદગીથી દૂર રાખશો તો પણ તમે જીંદગી જીવશો અને તમો ધાર્મિક પણ કહેવાશો. પરંતુ જ્યારે તમે વિચારશો કે હું ધર્મનું શું સમજ્યો છું કે જેનુંઆચરણ હું કરી શકતો નથી ત્યારે ધર્મ અને તેની ક્રિયાઓનો શું અર્થ માટે જો તમે સાચો ધર્મ સમજ્યા હોય તો જીદગીની દરેક પળે તેના દરેક કાર્યમાં વ્યાવહારીક, ધંધાકિય બધામાં જો ધર્મને પ્રથમ સ્થાન આપી તેની બધીજ સમજણ આચરણમાં મૂકીએ તો ધર્મ અને તેની ક્રિયાઓ કરીએ છીએ. તેમાંથી કંઈ પામીએ તો મોક્ષ કોઈપણ કર્મોનાં ક્ષયની દિશામાં આગળ વધાય. નહિંતો પછી ધર્મની ક્રિયાઓ માત્ર ક્રિયાઓ જ રહેશે અને સરવાળે કશું જ પામશો નહિં. પણ ઘણું બધું ગુમાવશો. માટે એવી ધાર્મિક ક્રિયાઓ જે તમારો અહમ્ વધારે, તમારી આબરૂ વધારે, તમારી વાહ વાહ થાય અને આડંબરને અગ્રસ્થાન આપી જે ધાર્મિક ક્રિયાઓ કરાવવામાં આવે છે તેને ત્યજી ફક્ત તમારાં આત્માને રૂપાંતર કરી શકે તેવી જ ધાર્મિક

ક્રિયાઓ કરો. જેથી અંતે સરવાળે કશુંક પામી શકો. આજની જે આડંબરભરી ક્રિયાઓ કરાવવામાં આવે છે, જેને આત્માથી અલગ કરી દીધેલ છે તેવી બધી જ ક્રિયાઓ ત્યજી જે ક્રિયાઓથી આત્માનું રૂપાંતર થઈ શકે છે તેવી જ ક્રિયાઓને વળગી રહે તો જરૂરથી મોક્ષનાં માર્ગ પ્રતિ પ્રયાણ કરી શકાશે.

કર્મની ગતિ ન્યારી છે. આ પૃથ્વી પર જન્મેલ દરેક વ્યક્તિએ જીવનની પ્રત્યેક પળે કંઈને કંઈ કર્મ કરતા રહેવું પડે છે. જાણે કે કર્મ એ જ આ જીવનની ઘટમાળનો અગત્યનો મણકો છે. કર્મ કેટલું કરવું તેનાં કરતાં કર્મ કેવું કરવું અત્યંત જરૂરી છે. અમુક કર્મનાં ફળ મનુષ્યને આ જન્મ મળી રહે છે. જ્યારે અમૂક કર્મ સંચીતરૂપે તમારાં ભાગ્યનાં આધારે આ જન્મે કે પછીનાં જન્મોમાં મળી રહે છે. સુકર્મો અને કુકર્મો વચ્ચે એક પાતળી ભેદરેખા છે. સુકર્મો-સત્કાર્યોની સુવાસ ચોતરફ લાંબા સમય સુધી ફેલાઈ રહે છે. કુકર્મો વતી આમ માનવી ફક્ત નરક માર્ગને પામે છે.

quality કર્મ quantity કર્મ કરતાં વધુ મહત્વનું છે. એથી જ આપ આપનાં બાળકોને સારા સંસ્કાર, સઘન ચારિત્ર્ય તથા ગુણવાન અને શીલવાન બનાવો તે જરૂરી છે. શિક્ષણ-સુસંસ્કાર તથા ઉચ્ચ વિચારોનું આદાન-પ્રદાન સાથે ધર્મ પ્રત્યે લગાવ પણ એટલોજ જરૂરી છે. આમતો ધર્મ અને કર્મ એટલે સિક્કાની બે અલગ-અલગ વિરૂધ્ધ બાજુ પરંતુ સારાં ધર્મનાં આચરણ સિવાય સત્કર્મ કરવાં અશક્ય છે. આમ જોવા જઈએ તો ધર્મ-કર્મ એકબીજાનાં પૂરક છે. કર્મ કેવાં કરવાં કે કેવાં કર્મો આપ કરવા સક્ષમ છો તો સર્વેનો આધાર ધર્મની નીતી-રીતી પર નિર્ભર રહે છે.

આથી જ આમ માનવીએ ધર્મની નીતિ-રીતી મુજબ જ કર્મ કરતાં રહેવું અત્યાવશ્યક છે. ધાર્મિક કાર્ય એ જ સત્યકર્મ કે સત્કર્મ છે. દરેક મનુષ્યે પોતાની સૂઝ બુઝ પ્રમાણે કર્મ કરતાં રહેવું જોઈએ. ધર્મ આપણને જીવન વિશેની સાચી સમજ પૂરી પાડે છે. પરંતુ એટલું જરૂરથી યાદ રાખો કે સાચો ધર્મ એ માનવ ધર્મ માત્ર છે અને આ સાચો ધર્મ આપણે આપણી નજીકની વ્યક્તિ જેવી કે પત્ની, પતિ, બાળકો, સગા, સબંધી, મિત્રો, વગેરેને માનપૂર્વક સંબોધી પાળી શકીએ છીએ. અને ત્યાર બાદ આવે છે જરૂરીયાતમંદોની સેવા કરવી. આવાં સત્કાર્યો તમારાં જીવનની શોભા વધારશે કે જે તમોને એક પરમ આનંદની અનુભૂતિ કરાવશે. આવો આપણે હમણાંથીજ શુભ શરૂઆત કરીએ .

***- રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)***

## શૈક્ષણિક પારિતોષિકો શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G. ધોરણ ૧ થી ૯ , S.S.C., H.Sc., B.Com, B.A, B.Sc., BDS, C.A., L.L.B., M.B.A., M.B.B.S વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે, તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કસીટની ઝેરોક્ષ કોપી સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા ઈનામ વિતરણ સંસ્થાનો વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

***- મંત્રી - શીરીષ પારીખ***

# હોળી

આપણી સંસ્કૃતિનો મોટામાં મોટો તહેવાર તે હોળી
નાના મોટા સૌને આનંદ કરાવે તે જ હોળી
વેર ઝેરને ભુલવાનો દિવસ તે હોળી.

રસીયાની રમઝટમાં આનંદ મળે તે હોળી
પણ કાનાની સતયુગની હોળી
પણ આતો છે કળીયુગની હોળી

*- સરલાબેન દેસાઈ*

હવે તો તહેવારમાં અતિરેક થાય, નુકશાન થાય, તે માટે વિચારવું રહ્યું. ૧૦ થી ૧૧ ગુણી ગુલાલ ઉડે. શરીરને નુકશાન થાય. તે માટે હવે સમાજને જાગવાની જરૂર છે, તે માટે યશંવત કડીકરનો આ લેખ છે.

## ગુલાલ કેટલું ઉપયોગી ?

ગુલાલનો પ્રયોગ હકીકતમાં મૂર્ખતા ભર્યો પ્રયોગ છે એક દિવસનો ગુલાલનો ઉપયોગ જીવનમાં ઓછામાં ઓછા ૨૪ કલાક ઓછા કરી દે છે. ગુલાલમાં વધુ પ્રમાણમાં સીસુ હોય છે. જે આપણા લોહી સાથે ભળીને એને ઝેરમય બનાવી શકે છે અને એનાથી માથામાં પણ અનેક જાતના વિકાર ઉત્પન થાય છે. ગુલાલ ચહેરા ઉપર ઘસવાથી શીશું અંદર જવાની શક્યતા રહેલી હોય છે. નાક મારફતે પણ તે અંદર પ્રવેશી શકે છે. હોળી પછી જે દર્દીઓ દવાખાનામાં આવે છે. એમનામાં મોટા ભાગનાની બિમારીનું કારણ આ હોય છે. નાનાં બાળકો પર તો આની અસર વધુ થાય છે. આનાથી અનેક જાતના ચામડીના રોગો પણ થઈ શકે છે. ગુલાલમાં ભળેલું સીસું આંખો માટે તો ખૂબ જ ઘાતક છે. આ સીસુ આંખોમાં ચીરા પાડી દે છે અને એનાથી નેત્ર જ્યોતિ જવાનો પણ ભય સર્જાય છે.

વાત ફક્ત આટલેથી જ અટકતી નથી. વેપારી વર્ગ પણ લાભ મેળવવાની લાલચે ગુલાલ અને રંગોમાં પણ અનેક નુકસાન કારક વસ્તુઓની મિલાવટ કરે છે. આવા અનેક બનાવો જોવા અને સાંભળવા મળે છે કે એક વ્યક્તિએ કોઈ બીજાના મોં પર ગુલાલ કે રંગ લગાવ્યો અને એનાથી એની ચામડીમાં ચીરા પડી ગયા અને એ બેહોશ થઈ ને ઢળી પડયો. આશ્ચર્ય તો એ વાતનું છે કે આપણા લોકો આવા બનાવોથી પણ કંઈ શીખતા નથી. જો રંગોનો ઉપયોગ કરવો હોય તો કેસુડાનો કરો. એનાથી થોડો ખર્ચ વધુ થશે, પણ શરીર તો સ્વસ્થ રહેશે.

એક અર્થ શાસ્ત્રીને દષ્ટિએ એ સમજાતું નથી કે આપણા દેશમાં લોકો આવો ખોટો ખર્ચ કેમ કરે છે. હોળી પર આપણા ત્યાં રંગ અને ગુલાલ પર દર વર્ષે લગભગ ૧૭ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. એ પછી કપડાં પરથી અને શરીર પરથી રંગ દૂર કરવામાં સાબુનો ખર્ચ થાય છે. ઘણાં કપડાં ફાટી જવાથી કે ખરાબ થઈ જવાથી ફેંકી દેવા પડે છે. એનાથી બીજા ૩૦ કરોડ રૂપિયા વધારાના ખર્ચાય છે. હોળી પર નશો કરવાની પ્રવૃત્તિ પણ ખૂબ ચાલતી હોય છે. નાચ ગાનમાં પણ ખૂબ ખર્ચ થાય છે. કરવામાં આવેલા આ સર્વેક્ષણ પ્રમાણે આ બધા મોજશોખમાં લગભગ ૫૦ કરોડ રૂપિયા ખર્ચાય છે. આ રીતે હોળી પર થતો કૂલ ખર્ચ લગભગ દોઢ-બે અબજ થાય છે. આ રકમ કોઈ મામુલી નથી.

હોળી પર આપણે ત્યાં જે મોટા પ્રમાણમાં ગુલાલ અને રંગનો નાશ થાય છે. એને બચાવીને જો વિદેશમાં નિકાસ કરવામાં આવે તો એનાથી ખૂબ સારું વિદેશી ચલણ મેળવી શકાય છે. રંગને સાફ કરવામાં વાપરવામાં આવેલ સાબુને પણ જો બચાવવામાં આવે તો દેશની અર્થવ્યવસ્થામાં સુધારો થઈ શકે છે, અને સાબુનો વપરાશ ઘટવાથી ગરીબોને ઓછા ભાવે સાબુ મળી શકે છે.

આમ તો આપણો દેશ તહેવારોનો દેશ છે અનેક રંગબેરંગી સજ્જ-ધજ્જ તહેવારો હોય છે. પણ ગરીબનો તહેવાર ફક્ત હોળી જ છે. રંગ કે ગુલાલ જે કાંઈ મળી ગયું તે ઠીક છે, ના મળે તો પણ ચિંતા નહીં. કાદવ અને માટી તો છે જ. આ દિવસોમાં તો ટનાટન ગાડીઓ અને એમાં બેઠેલા સુખી સમૃદ્ધ માનવીઓ ને પણ હોળી રમવામાં કોઈ સંકોચ થતો નથી.

સાચું કહીએ તો-હોળીના દિવસોમાં આવે છે તો મઝા. ધૂમ-ધડાકા, ગાવું-ગવડાવવું, બૂમો પાડવી, કૂદમકૂદ કરવી, બધુંજ ચાલે. આખા વર્ષની ચિંતા મૂંઝવણ દૂર થતી હોય તો આજના દિવસે એ પછી મન નવું કામ કરવાને લાગી જાય છે. k k k k k



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા ૨૬મી એપ્રિલે બપોરે ૩.૧૫ વાગે દાદોબા જગન્નાથ સભાગૃહમાં a game of chance - હાઉસીની પાંચ રમતો તથા a game of Intelligence- સુડોકુની એક રમત રમાડવામાં આવી હતી. આ રમતોના ઈનામો માટે શ્રીમતી રેણુકા વિનોદચંદ્ર પરીખ (બખલી) તરફથી રૂા. છ હજાર મહિલા વિભાગને આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ રેણુકાબેન તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

હાઉસીની દરેક રમતમાં ૩ ઈનામ Variation માટે, ૩ ઈનામ Full House માટે તથા ૬ ઈનામ Basket Draw માટે આપવામાં આવ્યા હતાં. સુડોકુની રમતમાં ૧ થી ૯ આંક ઊભી, આડી રો માં તથા દરેક બોકસમાં એક પણ નંબર રીપીટ કર્યા વગર લખીને આવનાર પહેલાં આઠ જણને ઈનામ આપવામાં આવ્યા હતા તથા મહિલા વિભાગ તરફથી દર બાવ્વન નંબરે એક, એવા દસ Lucky Draw ના ઈનામો આપવામાં આવ્યા હતાં.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે હાઉસીની રમતો રમાડવા માટે કોઈ Professional રમાડનારને ન બોલાવી, આપણી જ બહેનોની મદદથી રમાડવામાં આવી હતી. નાસ્તાના પેકેટસ પણ આપણી બહેનોએ જ તૈયાર કર્યા હતાં. મહિલા વિભાગ કાર્યક્રમના આયોજનમાં સાથ આપનાર સહુ બહેનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમ દરમિયાન Dew Cosmetics ના જ્યોતિબેન મોદીએ બહેનોને ઉપયોગી એવા Herbal Instant Face Packનું ડેમોનસ્ટ્રેશન આપ્યું હતું જેની effect Facial જેવી હોય છે અને એક વખત Face પર લગાવવાની Cost લગભગ રૂા ૧૦ થાય છે.

બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી શાંતિ જાળવી સહકાર આપ્યો હતો. એ બદલ મહિલા વિભાગ કાર્યક્રમમાં આવનાર સહુ બહેનોનો આભાર માને છે.

## જૂન મહિનાનો કાર્યક્રમ-

**તારીખ :** ૪-૬-૨૦૦૮

**સ્થળ :** મુંબઈ મરાઠી સાહિત્ય સંઘ. ડો. અ.ના. ભાલેરાવ નાટ્યગૃહ, કેલેવાડી, ગિરગામ (A.C.Hall)

**સમય :** બપોરે ૩.૦૦ વાગે

## ‘ઉડતી નજરે’

આપણી જ બહેનો તથા બાળકો દ્વારા તૈયાર કરેલ ચાર થી પાંચ નાટકો. આ નાટકો તૈયાર કરવાની તમામ જવાબદારી શ્રી ઉપેન કડકીઆને સોંપવામાં આવી છે. અમને જણાવતા આનંદ થાય છે કે મહિલા વિભાગને એક બહેન તરફથી નામ ન જાહેર કરવાની શરતે રૂા. અગીયાર હજાર આપવામાં આવ્યા છે. મહિલા વિભાગ એ બહેનનો તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

આ કાર્યક્રમની ટિકીટો તારીખ : ૨૪-૫-૨૦૦૮ શનિવારે બપોરે ૨.૦૦ થી ૪.૦૦ માં સભ્યબહેનોને, એક મેમ્બરશીપ કાર્ડ પર એક ટીકીટ રૂા. ૨૫/- લઈ આપવામાં આવશે. ત્યારબાદ જો ટીકીટો વધી હશે તો જ ૪.૦૦ થી ૫.૦૦ દરમિયાન બાલાસિનોરની કોઈ પણ વ્યક્તિને રૂા. ૨૫/- લઈ આપવામાં આવશે.

***- મિનોતી શાહ- સંયોજક - મહિલા વિભાગ***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે કાર્યવાહક સમિતિની ૭ બેઠકોની અને પ્રમુખની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો માટે ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૧૫.૫.૨૦૦૮ ગુરુવાર અને સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૫.૫.૨૦૦૮ ના રવિવારના રોજ સવારે ૧૧.૩૦ કલાક સુધી સંસ્થાની ઓફિસે તથા ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ ૨૮.૫.૨૦૦૮ના બુધવાર સાંજે ૮ કલાક સુધી સંસ્થાની ઓફિસે.

ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે રાખવામાં આવશે.

**ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે**

## પ્રમુખ

**શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીઆ**

## શહેર વિભાગ

**૧) શ્રી મંજુલ શૈલેષ ધારીઆ** **૨) શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ**
**૩) શ્રી જાસ્મીન બીપીન શેઠ** **૪) શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી**

## ઉપનગર વિભાગ

**૧) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ** **૨) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ**
**૩) શ્રી શશીકાંત સાંકરલાલ શાહ**

**નોંધ :** દરેક ઉમેદવારે લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાની ઓફિસમાંથી મંગાવવાનું રહેશે. દરેક ઉમેદવારે પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે. ઉમેદવાર સંસ્થાનો સભ્ય હોવો જોઈએ તથા એના સમર્થનમાં બે અન્ય સભ્યોની સહી આવશ્યક રહેશે. ***મંત્રી - શીરીષ જગમોહનદાસ પરીખ (ચા ગરમ)***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# ૫૮ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

તા. ૧-૫-૨૦૦૮

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૯.૬.૨૦૦૮ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના કાર્યવાહક પ્રમુખ શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ૧૧૮/૧૨૦, અરદેસરદાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## *સભાનું કામકાજ*

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ્ મહેનતાણું નક્કી કરવા.

૬) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૭) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૮) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** (૧) પ્રમુખશ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆનું રાજીનામુ આવવાથી બંધારણ કલમ ૧૫ (૩) મુજબ નવા પ્રમુખશ્રીની ચુંટણી થાય ત્યાં સુધી પ્રમુખશ્રીની ખાલી પડેલ બેઠક માટે ઉપપ્રમુખ, પ્રમુખશ્રી તરીકે તમામ ફરજો બજાવશે. ચુંટાયેલા નવા પ્રમુખની કાર્યવાહક મુદ્દત ૨૦૦૮/૨૦૧૦ (બે વર્ષ) રહેશે.

***મંત્રી - શીરીષ જગમોહનદાસ પરીખ***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# નોટબુક રાહત યોજના

ગત વર્ષની મુજબ ચાલુ વર્ષે પણ આપ સૌની જરૂરિયાત ધ્યનામાં રાખી બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ રાખવામાં આવેલ છે.

**કોલેજ (લોંગબુક) ૧૯૨ પેજ એક ડઝનના રૂા. ૯૦/-   જમ્બો નોટબુક મોટી સાઈઝ ૧૮૮ પેજ રૂા. ૬૦/-**

**આ વેચાણ તા. ૮.૬.૦૮ રવિવારથી ચાલુ કરવામાં આવશે.**

**શહેર વિભાગ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ００૪

**સમય** : સોમવાર થી શનિવાર સાંજે ૭ થી ૮, રવિવારે સવારે ૧૦ થી ૧૨.૦૦

**પરા વિભાગ :**

૧) શાહ હેમેન્દ્ર રમણલાલ (ચકવા) : સી - ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ)
સમય - રવિવારે સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૨) પરીખ હીરાલાલ મણીલાલ (ડાબલી) : ૨૪/એ, કૈલાસ નગર, શંકરગલી, કાંદીવલી (વેસ્ટ)
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

૩) દેસાઈ હિમાંશુ હરીશભાઈ : ૯/૧૨ ઘાસવાલા કમ્પાઉન્ડ, એમ.વી.રોડ, અંધેરી (વેસ્ટ),
સમય : સવારે ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

***નોંધ :*** ચાલુ વર્ષે આપેલી પરીક્ષાની પરીણામની નકલ સાથે લાવવી જરૂરી છે. વહેલો તે પહેલોના ધોરણે નોટબુક આપવામાં આવશે.

***મંત્રી - શીરીષ પરીખ, સંયોજક : જીતેન્દ્ર પારેખ***

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)
# નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપયુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો **તા. ૧.૬.૨૦૦૮ થી ૧૫.૬.૨૦૦૮** સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગત સાથે આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

***નોંધ :*** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૧૫.૬.૨૦૦૮ ના રવિવારે સંસ્થાની ઓફિસમાં કરવામાં આવશે.

***સમય :*** ૧૦ થી ૧ જુના અરજીપત્રકો તથા તેમની ઝેરોક્ષ કોપી સ્વીકારવામાં આવશે નહીં. નવા અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. ચાલુ વર્ષે આપેલી પરીક્ષાના પરિણામની નકલ અરજીપત્રક સાથે આપવાની રહેશે.

***મંત્રી - શીરીષ પરીખ, સંયોજક : જીતેન્દ્ર પારેખ***

ૐ ફોન : ૨૩૬૩ ૨૬૦૮ / ૨૩૬૭ ૬૩૯૭ ૐ

# સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ

આયોજીત

# સ્વ. શ્રી રસીકલાલ ચુનીલાલ ધારીઆ (દલાલ)

## સ્મૃતિ ભક્તિ સંધ્યા

આત્મપ્રિય ભાઈશ્રી બહેન શ્રી,

સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ દ્વારા દર વર્ષે યોજાતી સ્મૃતિ ભક્તિ સંધ્યામાં ગુરુવાર તા. ૨૨-૫-૨૦૦૮ સાંજે ૫.૧૫ થી ૭.૩૦ દરમ્યાન નીચે જણાવેલ કાર્યક્રમ યોજેલ છે.

***કાર્યક્રમ***

| | | |
|---|---|---|
| **તારીખ** | : | **ગુરુવાર, તા. ૨૨-૫-૨૦૦૮** |
| **સમય** | : | **સાંજે ૫.૧૫ થી ૭.૩૦** |
| **પ્રવચન** | : | **શ્રી હરીભાઈ કોઠારી** |
| **ગાયક કલાકાર** | : | **ચિત્રા અનંથ** |

ઉપર મુજબ ભક્તિ રસનાં વિશિષ્ટ કાર્યક્રમમાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ.

***સ્થળ***

**પ્રેમપુરી આધ્યાત્મ વિદ્યાભવન**

સ્વામીશ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ, મુંબઈ - ૪૦૦ ૦૦૭

***નિમંત્રક***

**શ્રીમતી ઈન્દુબેન રસીકલાલ ધારીઆ (દલાલ) નો પરિવાર**

**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**

ૐ ૐ

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની ત્રીજી કારોબારીની બેઠક સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જતીન નવનીતલાલ દેસાઈ ના પ્રમુખ પદે તા. ૧૫-૪-૨૦૦૮ મંગળવારે સાંજ ૭.૦૦ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવનીતભાઈ શાહ (કલકતાવાળા) મીંટીંગ હૉલ પ્રગતિ સમાજના કાર્યાલયમાં મળી હતી. મંડળની મીનીટસનું વાંચન મંત્રી શ્રી દક્ષેશ કડકીઆ (લટકારી) એ કર્યું હતું. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

અન-ઓડીટેડ હીસાબોની રજૂઆત ખજાનચી શ્રી કીર્તીભાઈ દેસાઈ (દેડકી) એ કરી હતી. જેમાં થોડા ઘણાં ખુલાસાબાદ ઓડીટર્સને મોકલી આપવા એવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. કલાબેન ચી. કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્નસહાય સમિતિનો રીપોર્ટ કન્વીનર શ્રી રજની લટકારીએ આપ્યો હતો. જે આ અંકમાં અન્યત્ર છાપવામાં આવ્યો છે.

ફારેગ થતાં સભ્યોનાં નામો મંત્રીશ્રી એ જાહેર કર્યા હતાં. ૮૦ મી વાર્ષિક સામાન્ય સભા બોલાવવા માટેની જવાબદારી હોદ્દેદારોને સોંપવામાં આવી હતી અને એ અંગેનું બજેટ પસાર કરવામાં આવ્યું હતું. વાર્ષિક સામાન્ય સભાનાં દિવસે દાતાઓનાં બહુમાનનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ છે. વાર્ષિક ચૂંટણી કદાચ થાય તો તે માટે શ્રી રજની લટકારીને ચૂંટણી પંચનું અધ્યક્ષ પદ સોંપવામાં આવ્યું હતું. ટ્રસ્ટની મીનીટ્સનું વાંચન મંત્રી શ્રી પંકજ ધારીઆ (લાલખાં) એ કર્યું હતું. જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. ખજાનચી શ્રીમતી સોહીણીબેન ધારીઆ એ ટ્રસ્ટના અને ઓડીટેટ હીસાબો રજૂ કર્યા હતાં. જે સર્વાનુમતે પસાર કરી ઓડીટર્સને મોકલવા એવું નક્કી કરવામાં આવ્યું હતું. શ્રી નવનીતલાલ સા. દેસાઈ પુરસ્કૃત અને પ્રફુલ્લભાઈ ચી. શાહ (હાથીખાનાવાલા) સ્પોન્સર્ડ કેન્સર કેમ્પની રૂપરેખા મંત્રી શ્રી પંકજ ધારીઆએ આપી હતી. જેનું આયોજન ટ્રસ્ટ તથા ડો. નીખીલ શાહની કલીનીક અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં કાર્યાલયનાં સહયોગથી કરવામાં આવ્યું હતું.

બાલાસિનોર મેડીકલ સેન્ટરના કાર્યાલયને શ્રી નગીનદાસ લાલચંદ પારેખ કાર્યાલયના નામકરણ અંગે નો પ્રોગ્રામ તા. ૪-૫-૨૦૦૮ રવિવારે સવારે રાખવામાં આવ્યો છે. તેના અતિથી વિશેષ તરીકે ડો. કીરીટભાઈ મોદી (આંખના ડોકટર) ઉપસ્થીત રહેશે એવું જણાવવામાં આવ્યું હતું.

*મંત્રી - શ્રી દક્ષેષ કડકીઆ (લટકારી),*
*શ્રી પંકજ ધારીઆ (લાલખાં)*

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલીત શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય સમિતિ નું વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટેનું માળખું નીચે મુજબ છે.**

| કુટુંબની સંખ્યા | પસાર કરેલી રકમ |
|---|---|
| ૧ વ્યક્તિ | રૂ. ૨૩૦૦.૦૦ |
| ૨ વ્યક્તિ | રૂા.૨૮૦૦.૦૦ |
| ૩ વ્યક્તિ | રૂા. ૩૨૦૦.૦૦ |
| ૪ વ્યક્તિ | રૂા. ૩૫૦૦.૦૦ |
| ૫ વ્યક્તિ | રૂા. ૩૮૦૦.૦૦ |

આ અંગેની વધુ માહિતી શ્રી રજનીકાંત કો.કડકીઆ (લટકારી)નો સંપર્ક કરવો.

*મંત્રી - શ્રી ભદ્રેશ ધારીઆ, શ્રી નીતીન પ. ગાંધી*
*મંત્રી - શ્રી દશેષ કડકીઆ, શ્રી પંકજ ધારીઆ*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## માતબર દાન

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજે ધંધાકીય વ્યાજમાં રાહત આપી શકાય એ માટે એક યોજના રજુ કરી હતી. આ યોજનાની રકમનું વ્યાજ સમાજના ધંધો કરતા વર્ગને લોન ના વ્યાજમાં રાહત આપી શકાય એ હેતુથી આ યોજના રજુ કરવામાં આવી હતી. આપણી જ્ઞાતીના વેપારી, આપણી ક્રેડીટ કો.ઓ. સોસાયટી માંથી લોન લે અને જરૂર હોય તો તેમને વ્યાજ રાહત આપવામાં આવે છે. વધુ રાહત આપી શકાય તે માટે આ યોજના શરુ કરવામાં આવી છે. અને આ યોજના માટે શ્રી હીતેશભાઈએ તેમની માતાની સ્મૃતિમાં રૂા, અગીયાર લાખ (અંકે રૂા. ૧૧,૦૦,૦૦૦) નું માતબર દાન જાહેર કર્યું છે. આ યોજના હવેથી શ્રીમતી લીલાબેન કીરીટભાઈ કડકીયા (ફાડીયા) ધંધાકીય વ્યાજ રાહત યોજના તરીકે રહેશે. સમાજ આ દાન માટે શ્રી કીરીટભાઈ તેમજ હીતેશભાઈનો આભાર માને છે.

***સંયોજક - ભંડોળ સમીતી - વ્રજેશ દેસાઈ***

***મંત્રી - નીતીન ગાંધી - ભદ્રેશ ધારીયા***

## દાન માટે મળેલા વચનોની યાદી

(૧) શ્રી જીતેન્દ્ર ચીમલાલ કડકીયા (બનડા)
રૂા. ૧,૧૧,૧૧૧ - પુત્રના ગુંજનના લગ્ન પ્રસંગે

(૨) શ્રી દીપકભાઈ ચીમલાલ શાહ (નગરશેઠ)
રૂા. ૩૩,૩૩૩ - પુત્રી હુમાના લગ્ન પ્રસંગે

***સંયોજક - ભંડોળ સમીતી - વ્રજેશ દેસાઈ***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજે એક નવી યોજના શરૂ કરી છે. સમાજના બેરોજગાર લોકોને રોજગાર આપવા માટે સમાજના ઘણાલોકો તૈયાર છે. આ વ્યક્તીઓ આગળ આવી સમાજની ઓફીસમાં અરજી કરે તો તેમને લગતી નોકરી આપવાની સમાજ કોશીશ કરશે.

તેમજ આ કુટુંબ આર્થીક રાહત લેતું હશે અને કુટુંબના વ્યક્તીને નોકરીની વ્યવસ્થા થશે અને આવક વધશે તો પણ આર્થીક રાહતમાં કાપ મુકવામાં આવશે નહી. એટલે તે કુટુંબની આર્થિક રાહત ચાલુ રહેશે.

સમાજ બેરોજગાર વ્યક્તિને નોકરી માટે અરજી કરવાની વિંનતી કરે છે. જેથી કુટુંબની આવક વધે અને વધતી મોંઘવારીમાં કુટુંબ સારી રીતે રહી શકે એ વિચારથી આ યોજના શરુ કરવામાં આવી છે.

આશા છે અમને આ યોજનામાં સારો પ્રતિસાદ મળશે. ***મંત્રી - નીતીન ગાંધી - ભદ્રેશ ધારીયા***

## વાડાસિનોર પ્રગતિ સમાજ
## કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ

માનનીય શેર-હોલ્ડર સભ્યો,
ભાઈઓ/બહેનો,

ઉપરોક્ત સોસાયટીની ૨૨મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, તારીખ ૨૭-૬-૦૮ના રોજ સાંજે ૭.૩૦ વાગે, તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખ શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.) ના પ્રમુખસ્થાને રાખવામાં આવી છે. તો સૌ શેર-હોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

***લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ. ક્રેડીટ સોસાયટી લીમીટેડ, કારોબારી સમિતિ વતી***

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ ટ્રસ્ટ

## ઓપરેશન મીતી યોજના

આ યોજના હેઠળ રૂા. ૭૫૦૦/-ના દાતાનુ નામ સ્કીમ સાથે જોડવામાં આવે છે, અને તેઓ ની તારીખે નોંધ લેવામાં આવે છે. તથા આભાર માનતો પત્ર મોકલવામાં આવે છે.

**નવા દાતા**

(૧) સ્વ. વિનુભાઈ મણીલાલ કડકીઆ (લટકારી)
(૨) શાહ નવિનચંદ્ર જેઠાલાલ (વડોદરાવાળા)
(૩) મુંબઈ લાઈસન્સ પ્લમ્બર્સ એશોશીયેશન
હસ્તે- રાજેન્દ્ર શાંતીલાલ પરીખ (જુનાગઢવાળા)

આ સાથે મીતીની કુલ સંખ્યા ૩૮૦ થાય છે.
ઈચ્છુક દાતાશ્રીઓને સંપર્ક સાધવા વિનંતી.

***મંત્રી ઓ - ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

બાલાસિનોર નગરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તાજેતરમાં તા. ૧૩-૪-૦૮ ના રોજ હાર્ટ કેમ્પ, કીડની કેમ્પ, ન્યુરો સર્જરી નિદાન કેમ્પ યોજાઈ ગયો. હોસ્પિટલના પ્રમુખ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહે. આપેલી માહીતી મુજબ આ ત્રણેય કેમ્પોનો ૨૭૪ દર્દીઓએ લાભ લીધો હતો.

## શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ

હોસ્પિટલમાં તા : ૧૩-૪-૦૮ ના રોજ શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના ડો. ભૂપેશભાઈ ડી. શાહ (કાર્ડીયાકસર્જન) તથા ડો. અલ્પેશ એન. પટેલ (કાર્ડીઆકસર્જન) તથા ડો. યોગેશ ગુપ્તા (એમ.ડી.મેડીસીન) ઈકો કાર્ડીઓગ્રાફીની સેવાઓ મળેલ. આ કેમ્પમાં કુલ ૧૧૫ દર્દીઓએ લાભ લીધેલ. કુલ ૧૧૫ ઈ.સી.જી. ફ્રી કરવામાં આવેલ. તેમજ જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવા ફ્રી કરવામાં આવેલ. એક્ષરે ૫ ફ્રી કરવામાં આવેલ. પેથોલોજીના ૩ ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ.

## કીડની કેમ્પ

કીડનીના રોગોના નિદાન કેમ્પમાં કુલ ૭૮ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં અમદાવાદના ડો. જાવેદ એમ. વકીલ (એમ.ડી.મેડીસીન. ડી.એમ. નેફ્રોલોજીસ્ટ) (કીડનીના રોગોના નિષ્ણાંત) ડોકટરની સેવાઓ મળેલ. જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવેલ. તેમજ પેથોલોજી વિભાગના ૫૬ દર્દીઓના ૨૯૫ ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ તેમજ પાંચ એક્ષ-રે ફ્રી કરવામાં આવેલ.

## ન્યુરો સર્જરી કેમ્પ

ન્યુરો સર્જરી નિદાન કેમ્પમાં અમદાવાદના ડો. સંદીપ એસ. શાહ (એમ.એસ.એમ.સી.એચ) (ન્યુરો સર્જરી) સર્જન તથા સ્પાઈન સર્જનની સેવાઓ મળેલ. આ કેમ્પમાં કુલ ૮૧ દર્દીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. તેમજ ૧૦ (દશ) એક્ષરે ફ્રી કરવામાં આવેલ.

આ કેમ્પનો બાલાસિનોર અને આસપાસના ગામડાઓના ગરીબ દર્દીઓએ લાભ લીધો હતો. વિના મુલ્યે કેમ્પથી ગરીબ પ્રજાએ રાહત અનુભવી હતી.

***મંત્રીઓ - ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

## રંગ તરંગ

- ચોખ્ખી હવા ડૉક્ટરને ગરીબ બનાવે છે
- મહેમાનોને કદી મોંઘવારી નડતી નથી.
- કફનને ખીસ્સા નથી હોતા
- વાંદરાને અરીસો અને નેતાને માઈક ક્યારેય ન આપવું

***- મહેન્દ્ર એમ. ગાંધી***

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ચાલુ વર્ષ દરમ્યાન સાતમી બેઠક તા. ૧૬.૪.૨૦૦૮ સાંજના ૭.૧૫ કલાકે સંસ્થાના કાર્યાલય (શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ, ઝાટ સભાગૃહ) ખાતે નીચે જણાવેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા હેતુસર બોલાવાઈ હતી.

બેઠક સંઘના પ્રમુખ શ્રી ભદ્રેશ પ્ર. ધારીઆના પ્રમુખ સ્થાનેથી મળી હતી. તેઓએ બેઠકના મુદ્દા રજુ કર્યા હતા.

**મુદ્દા નંબર-૧ :** ચાલુ વર્ષની છઠ્ઠી બેઠકના અહેવાલનું વાંચન સંઘના સહમંત્રી શ્રી મંજૂલ ધારીયાએ કર્યું હતું. તેને પસાર કરવામાં આવ્યો હતો.

**મુદ્દા નંબર-૨ :** હોસ્પિટલ અને મેડીકલ સહાય યોજના સમિતિનો હીસાબ મંજુર કર્યો હતો. સંયોજક શ્રી શૈલેષભાઈ કડકીયાએ સુચન કર્યું હતું કે, આવતા વર્ષથી આ સમિતિ હેઠળ ચાલતી પ્રવૃત્તીઓને મેડીકલ ટ્રસ્ટ સાથે સંકળાવી લેવી જેથી કરીને પ્રાપ્ત થયેલા બીલોની ચકાસણી અને મંજુરી મેડીકલ ટ્રસ્ટના સંયોજક દ્વારા થશે અને તે બીલોનું ભુગતાન શ્રી બા.ન.સંઘ કરશે. આ સુચનને મેનેજીંગ કમીટીએ વધાવી લીધું હતું અને તેના પર અમલ કરવામાં આવશે.

**મુદ્દા નંબર-૩ :** ક્રીકેટ સમિતિ વર્ષ ૨૦૦૭-૦૮ નો હિસાબ મંજુર કરાયો હતો.

**મુદ્દા નંબર-૪ :** જ્યોતી પુંજ સમિતિ વર્ષ ૨૦૦૭-૨૦૦૮નો હિસાબ મંજુર કરાયો હતો.

**મુદ્દા નંબર-૫ :** ચાલુ વર્ષની વન ડે મીટીંગ તથા વાર્ષિક સામાન્ય સભાની તારીખો નીચે મુજબ નક્કી કરાઈ હતી.

1 st June One Day Meeting

29 th June - ૨૦૦૮ વાર્ષિક સામાન્ય સભા

15 th May to 25th May, ચુંટણીના નામાંકન સ્વીકારવાની તારીખો

28 th May નામાંકન પરત લેવાની છેલ્લી તારીખ.

શ્રી જયંતીભાઈ લલ્લુભાઈ કડકીઆ (હાલોલવાળા)ની વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માટે ચુંટણી અધ્યક્ષ તરીકે નિમણુંક થઈ હતી.

**મુદ્દા નંબર-૬ :** તા. ૩૧.૩.૨૦૦૮ સુધીના હીસાબો કીતાબી વર્ષના આવક જાવકને લાગતા વળગતા ઠરાવો પસાર કરવાનું મંજુર થયું હતું.

**મુદ્દા નંબર-૭ :** સંસ્થાના પ્રમુખ શ્રી ભદ્રેશ પ્ર. ધારીયાનો સંસ્થાના પ્રમુખ પદેથી રાજીનામું આપતો પત્ર વાંચી સંભળાવ્યો હતો. શરૂઆતમાંતો આ રાજીનામું અસ્વીકાર કરાયું હતું. પણ બંધારણની કલમો અનુસાર ચર્ચા વિચારણા કરીને સંજોગોવશાત તેને મંજુર જાહેર કર્યો હતો. શ્રી ભદ્રેશ પ્ર. ધારીયાની લાંબી કારકીર્દી માટે સંસ્થાના મંત્રી શ્રી શીરીષ પરીખ, ટ્રસ્ટી શ્રી યોગેશ ધારીયા તથા જ્યોતીપુંજના તંત્રી નીખીલભાઈએ સંબોધન કહ્યા હતાં.

**મુદ્દા નંબર-૮ :** સંસ્થાના પ્રમુખ શ્રી ભદ્રેશ પ્ર. ધારીયાએ જે સભ્યોની મુદ્દત વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માટે પુરી થતી હતી, તેઓના નામ જાહેર કર્યા હતા.

**શહેર વિભાગ :**

૧) શ્રી મંજુલ શૈ. ધારીયા
૨) શ્રી રૂપીન પુ. કડકીઆ
૩) શ્રી જાસ્મીન બી. શેઠ
૪) શ્રી નીકેશ જ. ગાંધી

**ઉપનગર વિભાગ :**

૧) શ્રી શશીકાંત સાં. શાહ
૨) શ્રી હેમેન્દ્ર ર. શાહ
૩) શ્રી દક્ષેશ સો. પરીખ

**પ્રમુખ**

શ્રી ભદ્રેશ પ્ર. ધારીયા

નોટબુક સમીતીના સંયોજક શ્રી જીતેન્દ્ર પારેખ

ના જણાવ્યા અનુસાર, આ વર્ષે દર વખતની જેમ, નાની તથા મોટી નોટબુકનું વીતરણ હાથ ધરાશે. આ વર્ષે ૧૦૦ ડઝન નાની તથા ૭૦૦ ડઝન મોટી નોટબુકનું વીતરણ થશે, જેની જાણકારી જ્યોતિપુંજ ના આગામી અંકમાં કરાશે.

સાત નવી આજીવન સભ્યપદની અરજીઓ આવી હતી, જેને મંજુર કરાઈ હતી.

અંતમાં સંઘના સર્વે સભ્યો એ સંઘના પ્રમુખ શ્રી ભદ્રેશ પ્ર.ધારીયાને તેમને આપેલી સેવાઓ બદલ તેમનો આભાર માન્યો હતો અને પ્રમુખશ્રીને વીનંતી કરી હતી કે આડકતરી રીતે પણ તેઓ સંઘ સાથે જોડાયેલા રહે.

***લી. શીરીષ પરીખ (મંત્રી), મંજુલ ધારીઆ (સહમંત્રી)***

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
### આયોજીત
## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો – મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉમંરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર,પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

**વધુ વિગત માટે સંપર્ક કરો.**

**મંજુલ શૈલેષ ધારીઆ**

**✆ : ૨૪૭૩૩૬૧૮, ૬૫૮૦૨૪૪૧**
**૯૮૨૦૧૩૫૦૧૪**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧) **રાજુ મણીલાલ શાહ**
૩/૨૪, સત્યમ એપાર્ટમેન્ટ,
મહાત્મા ગાંધી ક્રોસ રોડ, સ્વીમીંગ પુલની પાછળ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
ફોન : ૨૮૦૧૩૬૧૦

૨) **ચંદ્રકાંત પૂનમચંદ દોશી**
**સ્નેહલ ચંદ્રકાંત દોશી**
બી/૨૦૫, નીલ કમલ એપાર્ટમેન્ટ,
સ્વામી નારાયણ સ્કુલની સામે,
ભીલાડ, ગુજરાત
ચંદ્રકાંત - ૦૯૮૨૪૧૧૦૭૨૩
સ્નેહલ - ૦૯૩૭૭૦૧૭૭૮૨

૩) **વિજય (કનુ) મણીલાલ શાહ**
**આશિષ મણીલાલ શાહ**
આદિત્ય ટાવર, 'એ' વિંગ, ૬ ઠ્ઠે માળે,
ફ્લેટ નંબર ૬૦૧/એ, વિ. પી. રોડ,
સિક્કા નગર, મુંબઈ - ૪૦૦ ૦૦૪
ફોન : ૨૩૮૬૭૬૯૫

૪) **મોદી અરવિંદ ઓચ્છવલાલ**
**મોદી દક્ષેશ ઓચ્છલાલ**
**મોદી દેવાંગ ઓચ્છવલાલ**
૨૦૪, જય-ટાવર, હનુમાન મંદિરની સામે,
ઓફ સોડાવાલા લેન, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૨- ફોન : ૨૮૯૪૪૬૦૩

૫) **અરવિંદ ચીમનલાલ પરીખ**
ફ્લેટ નંબર-૪, હોરમઝે બિલ્ડીંગ,
૩૩, નૌષિર ભરૂચા માર્ગ (સ્લેટર રોડ),
ગ્રાન્ટ રોડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૦૭
ફોન : ૨૩૮૮૫૭૨૬ - ૩૨૯૦૬૫૨૬

૬) **કડકીઆ કિરીટકુમાર ભીખાલાલ (ફાડીયા)**
૬૦૪, મહાવીર એપાર્ટમેન્ટ,
ભાટીયા હોસ્પિટલની બાજુમાં, તારદેવ,
મુંબઈ - ૪૦૦ ૦૦૭
ફોન : ૨૩૮૦૨૩૨૭ - મો.-૯૮૬૭૯૪૬૭૭૬

## નવા ફોન નંબર

**પ્રદીપ રમણલાલ ધારીયા (શહેરાવાળા)**
**દીપીકા પ્રદીપ ધારીયા**
☎ : ૨૩૮૨૬૬૨૬ મો - ૯૩૨૨૧૩૦૦૬૭

## મૃત્યુ નોંધ

| | |
|---|---|
| ગં.સ્વ. લીલાબેન રતીલાલ ગાંધી (મેનપુરાવાલા) | ૭૯ |
| કોકીલાબેન સુંદરલાલ કડકીઆ (ખીસાદાર) | ૬૮ |
| ચીમનલાલ કોદરલાલ શાહ | ૮૭ |
| વિનયકાંત મણીલાલ કડકીઆ (લટકારી) | ૭૫ |
| મુકેશ દિનકરલાલ શાહ | ૫૫ |
| રમેશભાઈ લીલાધર શાહ (નાસીકવાળા) | ૬૭ |
| ઓચ્છવલાલ સાંકરલાલ મોદી (શહેરાવાળા) | ૮૦ |
| સ્મીતાબેન વિરેન્દ્ર પરીખ (અઘોલી) | ૫૩ |

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે.

## શ્રીમતી મણીબેન રમણલાલ મોદી પુસ્તક યોજના

આ વર્ષે જે વિદ્યાર્થીઓએ નવા પુસ્તકો લેવા હશે તેઓ આગળના વર્ષના બધા જ પુસ્તકો પાછા આપવાના રહેશે. ગતવર્ષના પુસ્તકો પાછા નહી આપનારને નવા વર્ષના પુસ્તકો આપવામાં આવશે નહી. ***સંયોજક - મંજુલ ધારીઆ***